

રાયણ
ભાગ ૧લો
Reg. No. 262
જુગતરામ

વિદ્યાપીઠ પાઠ્ય-પુસ્તક ૧૨ મું

ચયણ ભાગ ૧લો

(નવ દસ વર્ષનાં બાળકો સારૂ કાવ્ય સંગ્રહ).

સંપાદક

જુગતરામ ચીમનલાલ દવે,

રાષ્ટ્રીય વિદ્યા મંદિર, સાબરમતી

પ્રકાશક

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

સંવત ૧૯૮૧

વસંત મુદ્રણાલયમાં ચીમનલાલ ઈશ્વરલાલ મહેતાએ છાપ્યું
ઠે. સિવીલ હસ્પીતાલ સામે પાનાભાઈની વાડી
અમદાવાદ.

પ્રકાશક—વિઠ્ઠલદાસ મગનલાલ કોઠારી, ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ.

પહેલી આવૃત્તિ સં. ૧૯૭૯ પ્રત ૨૦૦૦
બીજી આવૃત્તિ સં. ૧૯૮૧ ફાગણ પ્રત ૩૦૦૦

(ગૂજરાત વિદ્યાપીઠ પુસ્તક સમિતિના ઠરાવ ૧૫-૧૯૮૦ ની
રૂએ બે ભાગમાં)

કાકા સાહેબ કાલેલકરની પ્રસ્તાવના

રાયણનાં ફળ ખૂબ તાજાં અને મીઠાં હોય છે, પણ રાયણનું ઝાડ સો વર્ષનું જૂનું હોય છે. આ સંગ્રહની અંદરની કવિતાઓ ખૂબ મજાની છે, સરસ છે, મીઠી છે અને તે હમેશાં તાજી ને તાજી રહે એવી છે. વર્ષોનો વરસાદ પડ્યો તોપણ તે બગડી નથી, અને હજીયે વરસોનાં વરસ જાય તોપણ તે બગડવાની નથી. શ્રી૦ જુગતરામભાઈએ આવી સરસ રાયણો ક્યાંથી વીણીને આણી હશે? હરેક ફળ ઉપર તેના ઝાડનું નામ આપેલું છે. વધારે રાયણ ખાવાની ઈચ્છા હોય તો તે તે ઝાડને ઓળખી લેજો. બધાં ઝાડ ગુજરાતના બગીચાનાં જ છે. કેટલાંક જૂનાં છે, અને કેટલાંક નવાં છે. પણ આ રાયણો સાચવીને ખાજો હોં! બહુ ખાશો તો પોતે જ રાયણનું ઝાડ બની જશો.

સાચા રાસયા હશો તો આ રાયણોની મીઠાશ તમારા મ્હોંમાં કાયમની રહેશે.

રાયણ

ભાગ ૧ લો

નરસિંહ મહેતો]

(૧)

નાગદમન

જળકમળ છાંડી જાને બાળા,
સ્વામી અમારો જાગશે;
જાગશે તને મારશે,
મને બાળહત્યા લાગશે. જળ૦

કહે રે બાળક, તું મારગ ભૂલ્યો ?
કે તારા વેરીએ વળાવીઓ ?
નિશ્ચે તારો કાળ જ ખૂટ્યો;
અહીંઆં તે શીદ આવીઓ ? જળ૦

નથી નાગણુ હું મારગ ભૂલ્યો,
નથી મારા વેરીએ વળાવીઓ;
મથુરાં નગરીમાં જુગટું રમતાં
નાગનું શીશ હું હારીઓ. જળ૦

રંગે રૂડો, રૂપે પૂરો,
દિસંતો કોડીલો કોડામણો;
તારી માતાએ કેટલા જનમ્યા
તેમાં તું અળખામણો ? જળ૦

મારી માતાએ બેઉ જનમ્યા,
તેમાં હું નટવર નાનડો;
જગાડ તારા નાગને,
મારૂં નામ કૃષ્ણ કહાનડો. જળ૦

લાખ સવાનો મારો હાર આપું,
આપું રે તુજને દોરીઓ;
એટલું મારા નાગથી છાનું,
આપું તુજને ચોરીઓ. જળ૦

શું કરૂં નાગણ, હાર તારો ?
શું કરૂં તારો દોરીઓ ?
શાને કાજે નાગણ, તારે
કરવી ઘરમાં ચોરીઓ ? જળ૦

ચરણ ચાંપી, મૂછ મરડી,
નાગણે નાગ જગાવીઓ;
ઉઠોને બળવંત, કોઈ
બારણે બાળક આવીઓ. જળ૦

બેઉ બળીઆ બાથે વળગીઆ,
કૃષ્ણે કાળિનાગ નાથીઓ;
સહસ્ર ફેણા ફુંફવે, જેમ
ગગન ગાજે હાથીઓ. જળ૦

નાગણુ સૌ વિલાપ કરે, જે
નાગને બહુ દુઃખ આપશે;
મથુરાં નગરીમાં લઇ જશે,
પછી નાગનું શીશ કાપશે. જાગ૦

બેઉ કર જોડીને વીનવે, સ્વામી,
મુકો અમારા કંથને;
અમે અપરાધી કાંઇ ન સમજ્યાં,
ન ઓળખ્યા ભગવતને. જાગ૦

થાળ ભરીને નાગણી સર્વે,
મોતીડે શ્રીકૃષ્ણને વધાવીઓ;
નરસૈયાના નાથ પાસેથી,
નાગણે નાગ છોડાવીઓ. જાગ૦

[કાલિનાગ કાલિન્દી (યમુના) નદીના એક ધરામાં રહેતો, અને બધું પાણી ઝેર ઝેર કરી મુકતો. ગોકુળના ગોવાળો ત્યાં રોજ ચારવા આવતા. ગોવાળોને અને ગાયોને બચાવવા કૃષ્ણે નાગને નાથ્યો અને દૂર મૂકી આવ્યા.]

નાગદમન—નાગને વશ કરવો તે.

દોરીઓ—ગળાનું ઘરેણું.

હાથીઓ—હાથીઓ નક્ષત્ર ઘણે ભાગે ભાદરવા કે આસો માસમાં આવે છે અને તે નક્ષત્રમાં વાદળમાં જબરી ગર્જનાઓ થાય છે, તેને હાથીઓ ગાજ્યો કહે છે. કાલિનાગના ફૂંફાડા એના જેવા મોટા અને જબરા હતા, એવો અર્થ છે.

ન્હાનાલાલ]

(૨)

બ્હેનાં ! આવો

એક આંબો મ્હોરે મારે આંગણે રે લોલ:
ઘેર ગમ્ભીર તેની ઘટા ઢળી રે લોલ:
બ્હેનાં ! આવો, રસાળ એની છાંયડી રે લોલ.

એક આસોપાલવ મારી વાડીમાં રે લોલ:
ઘેર ગમ્ભીર તેની છટા ઢળી રે લોલ:
બ્હેનાં આવો, હેતાળ એની છાંયડી રે લોલ.

એક વડલો ઉભો વનચોકમાં રે લોલ:
ઘેર ગમ્ભીર તેની જટા ઢળી રે લોલ:
બ્હેનાં ! આવો, વિશાળ એની છાંયડી રે લોલ.

મ્હોરે—ફૂલે (મ્હોર આવે)
છટા—શોભા જટા—વડવાઈઓ

લોક ગીત]

(૩)

મહેમાની

તમે ક્યાંથી આવ્યા ને ક્યાં જાઓ છો રે લોલ?
અમે ગોકુળથી આવ્યા, મથુરા જાવું છે રે લોલ.
આવો બેસો કદમ્બ કેરી છાંયડી રે લોલ.

થાક લાગ્યો હોય તો ઉનાં પાણી મેલીએ રે લોલ,
તરશ લાગી હોય તો ટાઢાં પાણી લાવીએ રે લોલ,
ભૂખ લાગી હોય તો સુખડું મંગાવીએ રે લોલ,
સુખડાં ન ભાવે તો મીઠા મેવા લાવીએ રે લોલ,
મેવા ન ભાવે તો વનફળ વેડાવીએ રે લોલ.

વનફળ પાકયા વિના કાચાં નવ વેડીએ રે લોલ,
કાચાં વેડીએ તો અવગુણ ઉપજે રે લોલ.

રંગત બાજોઠ ઢળાવ્યા રૂડા ચોકમાં રે લોલ,
ચાર ભેરૂ ભળીને બેઠા રમવા રે લોલ.

વેડાવીએ—પાડીએ ભેરૂ—જોડીદાર

સુદતાનંદ]

(૪)

કયારે આવશે ?

ઓધવ, કયારે આવશે વનમાળી રે ?
થઈએ સુખીઆ મોહન મુખ ભાળી. ઓધવ૦

કયારે મુજને સંભારે છે કહાન રે,
નિજ માતાને કરુણાનિધાન રે !
અમને આઠ પહોર એનું ધ્યાન. ઓધવ૦

ક્યારે કહે છે ગોવાળોની વાત રે,
જ્યારે ભેળા બેસે બેઉ ભ્રાત રે ?
અમને મળશે કે દિ સાક્ષાત ? ઓધવ૦

ગોપી ગોપ ને જમુનાનું વારિ રે,
ગાયો, ગોવર્ધન સુખકારી રે,
કે દિ રીઝે છે વ્રજને સંભારી ? ઓધવ૦

મુક્તાનંદના શ્યામને કાજ રે,
પૂછે ઓધવને વ્રજરાજ રે;
અતિ દુઃખીઓ છે વ્રજનો સમાજ. ઓધવ૦

[કૃષ્ણ મથુરામાં મામા કંસની સાથે લડીને માતાપિતાને છોડાવવા ગયા તે ગયા જ. પછી મથુરાની રાજખટપટમાં જ પડી ગયા, અને પાછા ગોકુળ જઈ શક્યા નહિ. નંદ, યશોદા અને ગોપ-ગોપીઓ કૃષ્ણને યાદ કરી કરી ગાંડાં થતાં હતાં. એક વાર કૃષ્ણે પોતાના સેવક ઉદ્ધવને નંદ, યશોદા વગેરેની ખબર કાઢવા મોકલ્યા, ત્યારે યશોદા માતા ઉદ્ધવને ખબર પૂછે છે તે આ પદમાં આપી છે.]

કરુણાનિધાન—દયાના ભંડાર
વારિ—પાણી

(૫)

જયગાન

જય જય જય! જય જય જય! બોલો સૌ ભાઇ!
ઉત્સવ ઘેર ઘેર કરો, જીત્યા છે સિપાઈ! જય૦

તોપના ધડાકા થાય, વાજે શરણાઈ,
વાજાં બીજાં અનેક; હર્ખ રહે ફેલાઈ! જય૦

દહેરે જઇ પાઠ માનો, વેદ સ્તુતિ ગાઇ;
મહાપુજા કરાવી મુકો માનતા મનાઇ! જય૦

આબરૂ સ્વતંત્રતા બહુ જાળવી રખાઇ;
બુદ્ધિ બળ પરાક્રમ તે છે ચુકયાં લખાઇ! જય૦

મુઆ તે નીરાંતે સુતા, જશમાં લપટાઇ!
તેનિ વાત છોડી આજ કરો મોજ આહીં! જય૦

ઠંડાં શરબત્ત પીઓ! વ્હેંચી લો મિઠાઈ!
ખાન પાન ગાન કરો! રંગ રમો ચ્હાઈ! જય૦

વિપ્ર નર્મદાને આપો દેશીઓ વધાઇ!
કવિ નર્મદાને ભેટ, કવિતા કરી ગાઇ! જય૦

કવિ નર્મદાને ભેટ કવિતા કરી ગાઇ=કવિ નર્મદ એક જ ભેટ ઇચ્છે છે: તેણે રચેલી કવિતા ગાઓ એ.

(૬)

બળદ

વાત કહું તે સુણજો વ્હાલે,
ધ્યાન ધરીને મારી;
અરે બાપડા બળદતણી આ
સેવા જુઓ વિચારી.

બળદ કહે કે ગૌ માતાએ
જન્મ મને આ દીધો;
બેટા, ધણિની સેવા કરજે,
હુકમ એવો કીધો.

પેટ ભરીને દુધ નહિ પીધું,
લીધું તે પણ કાઢી;
ઘાસ અને ચારો ખાઈ હું
ખુંદતો ખેતર વાડી.

પાંચ વરસનો થયો હું ત્યારે
નાક વીંધિ મુજ નાંખ્યું;
નાથ જુઓ, આ ઘાલી મુજને,
સંકટ મેં બહુ સાંખ્યું!

ગાડીએ મુજને જોતરીઓ,
બરડે ફટકા લાગે;
ધમ ધમ કરતી ગાડી ચાલે,
ઘમ ઘમ ઘુઘરા વાગે

શોભે છે કેવાં મુજ શિંગડાં!
જુઓ, તમારે છે કે?
પાછળ કેવું સુંદર પુછડું
વળતું લટકે લ્હેકે!
ખેડુતનું બળ હુંથી જાણું,
મુજ બળથી હળ હાંકે;
વ્યવહાર જ મારાથી ચાલે,
ધણિનો પૈસો પાકે.
એવી ધણિની સેવા કરતો
રહું છું રૂડી રીતે;
દયા ધરીને પ્રીતે એ સૌ
યાદ કરો શુભ ચીતે.

દલપતરામ]

(૭)

ઉંટ કહે

ઉંટ કહે, આ સમામાં વાંકાં અંગવાળાં ભૂંડાં
ભૂતળમાં પશુઓ ને પક્ષિઓ અપાર છે!
બગલાની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી,
કૂતરાની પૂછડીનો વાંકો વિસ્તાર છે!

વારણુની સૂંઢ વાંકી, વાઘના છે નખ વાંકા;
ભેંશને તો શિર વાંકાં શીંગડાંનો ભાર છે.
સાંભળી શીઆળ બોલ્યો, દાખે દલપતરામ;
અન્યનું તો એક વાંકું, આપનાં અઢાર છે!

ભૂતળમાં—પૃથ્વીના પડ ઉપર   વારણુ—હાથી

લોકગીત]

(૮)

કણુજર કાકો

સૌ જાન જુઓ નીહાળી આજ,
કણુજર કાકો પરણે છે.
મેં નવી તરેહની ભાળી રાજ,
કણુજર કાકો પરણે છે.
ઢીમડીઓ ઢોલ વગાડે રાજ,
કણુજર કાકો પરણે છે.
રીંગણું તો રંગ વજાડે રાજ,
કણુજર કાકો પરણે છે.
ગાજરની શરણાઇ વાજે રાજ,
કણુજર કાકો પરણે છે.
ભીંડાભાઇ આગે ભાગે રાજ,
કણુજર કાકો પરણે છે.

ડુંગળીબાઇ ડોળા તાણે રાજ,
કણુજર કાકો પરણે છે.
મરચું બહુ મોજે માણે રાજ,
કણુજર કાકો પરણે છે.
મૂળો તો મૂછો મરડે રાજ,
કણુજર કાકો પરણે છે.
મોગરી વેષે ઘરડે રાજ,
કણુજર કાકો પરણે છે.
તાંજળીઓ ભેગો તાજો રાજ,
કણુજર કાકો પરણે છે.
મેથીને ન મળે માજા રાજ,
કણુજર કાકો પરણે છે.
દડબડતાં કોળાં દીઠાં રાજ,
કણુજર કાકો પરણે છે.
છે સાથે ચીભડાં મીઠાં રાજ,
કણુજર કાકો પરણે છે.
વાલોળ વહુ બેઠાં વેલમાં રાજ,
કણુજર કાકો પરણે છે.
હળદર વહુ હાલે હેઠાં રાજ,
કણુજર કાકો પરણે છે.
ગયા રાંધણપુરની પાસે રાજ,
કણુજર કાકો પરણે છે.
લુણી વહુ વર્યાં હુલાસે રાજ,
કણુજર કાકો પરણે છે.

માજો—મર્યાદા વેલમાં—રથમાં હુલાસે—હરખે

(૯)

ફરીઆદ

હે યશોદાજી !
આવડો લાડકવાયો લાલ ન કીજે.
ચાલો ત્યાં સુધી,
સુતનાં પ્રેમચરિત્ર દેખાડી દીજે. હે યશોદાજી !

વ્હાલે કૌતુક કીધું મંદિરમાં,
માખણનો પીંડો લઇ કરમાં,
બહુ માંકડલાં ઘાલ્યાં ઘરમાં ! હે યશોદાજી !

વ્હાલો સુતાં બાળકનાં અંગ મોડે,
બાંધ્યાં વાછરડાં જઇ છોડે,
દધિભાંડ તે દૂર રહી ફોડે ! હે યશોદાજી !

વ્હાલો સંતાડ્યું શોધી કાઢે,
ઊંચેથી હેઠું ઊતારે,
ખાય ખવરાવે ને બીજું બીગાડે ! હે યશોદાજી !

પ્રીતમનો સ્વામી છે રસીઓ,
મહી માખણ ખાવાને ધસીઓ,
ધનભાગ્ય અમારાં—વ્રજ વસીઓ. હે યશોદાજી !

કૌતુક—જોવા જેવું કામ
દધિભાંડ—દહીંનાં વાસણ
માંકડલાં—વાંદરાં (ગોવાળીઆનાં છોકરાં)
મહી—દહીં
મોડે—મરડી નાંખે

દલપતરામ]

(૧૦)

મહેનત વિષે

પીવા ખાવા પહેરવા, અને ઓઢવા અંગ;
મળે મહેનતમાં થકી રાતા પીળા રંગ.
ધરતીમાંથી ધાન્ય તો થોકે થોકે થાય;
ખાંતે જો ખેડે નહિ, ખાવાનું શું ખાય ?

આપણને સૌ ઇશ્વરે આપ્યા છે ઉપાય;
પણ બળતણ વાસણ વિના, શી રીતે રંધાય ?
તે તો તું તૈયાર કર, કાં કરિ આપે કોય ?
તારે તારા અર્થનું, હાલ વખત તે હોય.

નથી લટકતાં લૂગડાં, તે ઝાડે તૈયાર;
વાવી કાંતે જો વણે, થાય સરસ શણગાર.
માટે મહેનત જો કરે, ઘેર રહી પરઘેર;
ચાકરી કરતાં ભાખરી, પામે રૂડી પેર.

દાદી એદલજી]

(૧૧)

પશુઓનું પંચ

પશુમાં પડી એક તકરાર,
વાદવિવાદ ચલાવા પોતે તુર્ત ભરી દરબાર,
અને ત્યાં બેઠાં નર ને નાર. પશુમાં૦

ગાય

કોણ ગુણોની ગણુના કરશે ? ગરીબડી હું ગાય,
વાછરડાં વલવલે બિચારાં ને પય બીજાં ખાય;
જુલમનો તો પણ ક્યાં છે પાર ? પશુમાં૦

કુતરો

વફાદાર હું પ્રાણી પ્યારૂં ખાઇ ધણીનું ધાન,
હલાલ તેનું નિમક કરૂં છું, મનમાં રાખી માન;
રાતદિન સેવા છું કરનાર. પશુમાં૦

ગધેડો

મૂર્ખ માનવી મને હસે, પણ કોણ ઉપાડે ભાર ?
મણબંધી બોજા લાદે ને ચાલું બિનતકરાર;
કહો જન જાણે કયાં ઉપકાર ? પશુમાં૦

ઘોડો

તન તોડીને સેવા આપું, ખાઉં કદિ નહિ હાર,
માલિકને લઈ રસ્તો કાપું, કરી પીઠ પર સ્વાર;
કરે છે કોણ કહો દરકાર ? પશુમાં૦

ઊંટ

મુસાફરીમાં માર્ગ કાપવા કરૂં સફર હું દૂર,
મુજ જળ કાજે જીવ લીએ છે કોઇ મુસાફર ક્રૂર,
કરૂં છું મરતાં પરોપકાર. પશુમાં૦

હાથી

રાજાની અંબાડી કેરો મુજ પર છે આધાર,
મુજ પગલાંથી શોભે સ્વારી, દીપે વળી દરબાર;
શ્રેષ્ઠ છું પશુમાં હું સરદાર. પશુમાં૦

બકરો

ન્યાય મળે નિર્દોષીને ક્યાં ? તલ નહિ આપું ત્રાસ,
તોય તપે છે ખાવા કાજે માણસ મારૂં માંસ;
બનું છું કસાઇ કરથી ઠાર. પશુમાં૦

બળદ

મુજ બળથી હળ ખેડુત ખેડે, મુજ પર કુલ આધાર
હું જ ઉપાડું બોજ રોજનો વાહન કે વ્યાપાર;
ઘડીનો હોય ન તોય કરાર. પશુમાં૦

ખર બકરો ને બળદીઓ, ગજ ઘોડો ને ગાય,
પ્રાણી બિચારાં પારકી આશા પર અથડાય.
ખોટાં કામે ખલકમાં દંડે જો દરબાર,
પશુ પંખીને પીડતાં કોપે નહિ કિરતાર ?

ગણના—ગણતરી પય—દૂધ

હલાલ કરૂં છું—જેનું ખાય તેની સેવા કરે તે નિમકહલાલ; ખાય તેનું જ બગાડે તે નિમકહરામ. જે લોકો કોઇને દગો દેવાય જ નહિ એમ માનતા ન હતા, તેઓ પણ જેના ઘરનું લુણ ખાધું હોય, તેનો તો વિશ્વાસઘાત ન જ કરાય એમ માનતા હતા; અને તેથી તેમના મનમાં જેને દગો દેવાની ઇચ્છા હોય તેને ત્યાં કાંઇ મીઠાવાળો પદાર્થ ખાતા નહિ.

નિમક—મીઠું ગજ—હાથી
કરાર—નીરાંત ખલકમાં—દુનીઆમાં
ખર—ગધેડા કિરતાર—ઇશ્વર

---

(૧૨)

હાલરડું

હાલરડું વ્હાલું રે, હો ભાઇને હાલરડું વ્હાલું;
ગીતે ઘુંમણુ ઘાલું રે, ભાઇને હાલરડું વ્હાલું.

રંગીત પારણે પોઢો રસીલા, ઝાઝા હેતે ઝુલાવું;
ભમરી જડાવું ભાઇને પારણીએ, પુતળીઓ પધરાવું રે.
ભાઇને હાલરડું વ્હાલું.

ચીતરેલ ચાંચની ચકલી ચઢાવું, પારણે પોપટ પઢાવું;
ભાઇને રમવા ભલી રીતેથી, મોરલો સોને મઢાવું રે.
ભાઇને હાલરડું વ્હાલું.

હીરની દોરીએ હિંચોળું વ્હાલા, ઘેરાં ઘેરાં ગીત ગાઉં;
ઉંઘીને ઊઠશો ભાઇ લાડકડા, ઘાલીશ ગજવે ખાવું રે.
ભાઇને હાલરડું વ્હાલું.

ગીતે—ગીતથી, ગીત ગાઇને

ઘુમણુ—હીંચકો

ઘેરાં—ઊંડા અર્થવાળાં

(૧૩)

મોરલી

વાગે છે રે વાગે છે, વૃંદાવન મોરલી વાગે છે.
તેનો શબ્દ ગગનમાં ગાજે છે, વૃંદાવન મોરલી વાગે છે.
વૃંદા તે વનને મારગ જાતાં,
વ્હાલો દાણુ દધિનાં માગે છે— વૃંદાવન૦
વૃંદા તે વનમાં રાસ રચ્યો છે,
વ્હાલો રાસમંડળમાં બિરાજે છે— વૃંદાવન૦
પીળાં પીતાંબર, જરકસી જામા,
વ્હાલાને પીળો તે પટકો બિરાજે છે–વૃંદાવન૦
કાને તે કુંડળ, મસ્તકે મુગટ,
વ્હાલાને મુખ પર મોરલી બિરાજે છે–વૃંદાવન૦
વૃંદા તે વનની કુંજગલનમાં,
વ્હાલો થનક થૈ થૈ નાચે છે— વૃંદાવન૦
બાઇ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
વ્હાલા દર્શનથી દુઃખડાં ભાંજે છે— વૃંદાવન૦

વૃંદાવન—તુલસીનું વન (આ વન ગોકુળ મથુરા પાસે છે.)
દાણુ—કર કુંજગલનમાં—ફુલવાડીની ગલીઓમાં

(૧૪)

પસ્તાવો

સિદ્ધપુર નામે સુંદર ગામ, નારસિંહ રાજાનું નામ;
વસે એક બ્રાહ્મણ મહામતિ, પતિવ્રતા તેને ઘેર સતી.

પેટ નહિ પુત્રી કે તન, ઈશ્વર ઉપર એનું મન;
વિવિધ પ્રકાર કરે તે વ્રત, કરે આચરણ રૂડાં કૃત્ય.

નરનારી એ પવિત્ર નેટ, તોય પુત્ર ન આવે પેટ;
મનમાં રાખે નારી મયા, વસે દિલે પુરુષને દયા.

આપ ઘેર એક નોળનું બચ્ચું, તરફડતું તે આંગણુ વચ્ચું;
પાસે માત નહિ તે તણી, દયા ઉપની મનમાં ઘણી.

રાખ્યું પાસ પોતાને ઘેર, પાય દૂધ પ્રીતે શુભ પેર;
પોઢાડે શય્યામાં જોડ, કુંવર તુલ્ય પહોંચાડે કોડ.

થયું મોટેરૂં તે તો બાળ, ન કરે એકે અદકી આળ;
વાચા નહિ મુખે તે તણી, અકલ મનુષ્ય તણી છે ઘણી.

તેનાં પગલાંથી પછી નેટ, પ્રસવ્યો પુત્ર જ તેને પેટ;
બાંધ્યાં છે તોરણ બારણે, પોઢાડયો પૂતર પારણે.

હરખ ઘણો દીવાળી દન, નોળ ઉપર માનનીનું મન;
તન મન ધન જાણે તેહને, દયા ધરે અદકી દેહને.

એક દિવસ છે સુત પારણે, જુવતી ગઇ જળ કારણે;
સોંપ્યો નોળને પેલો પુત્ર, તુજ સારૂં એ છે ઘરસૂત્ર.

રખે એહને રોવરાવતો, રીસ કરી રખે મારતો;
બાળક ઠપકો દેશે મને, તો હું ગાળો દેઇશ તને.

સોંપી બાળ જળ ભરવા ગઇ, વાર ઘડી બે ચારેક થઇ;
ચડયો પારણે મોટો નાગ, બાળકને ડસવાને લાગ.

અંગુઠે વળગે જેટલે, નોળે તે દીઠો તેટલે;
રે મારા બાંધવને ખાય, એ પાપી કયાં નાસી જાય ?

એમ કહીને દીધી દોટ, કરડવા પહેલી ઝાલી કોટ;
મરડી કીધા કટકા સાત, એવે આવતી દીઠી માત.

વધામણી ખાવા કારણે, નોળ ગયો સામો બારણે;
વાચા નહિ તે બોલે કેમ, આવી ઉભો સામો તેમ.

મુખ લોહિયાળું પેલે કર્યું, જાણ્યું માએ બાળક મર્યું;
દીઠું લોહિયાળું જે મુખ, દાવાનળ થઇ લાગ્યું દુઃખ.

અરે પાપી તું કૂડો કાળ, માર્યો મારો નાનો બાળ;
નાંખ્યું બેડું તેની શીશ, મુઓ નોળ ચગદાયું શીશ.

ઘરમાં આવી માતા જુએ, પોઢયો બાળક પારણે રૂવે;
બોલ્યો બાળક આપોઆપ, મુજને ખાતો'તો આ સાપ.

એ નોળે માર્યો આ ઠામ, નહિતર મારૂં કરત જ કામ;
એમ કરી ચેતાવી માત, પડયા દીઠા કકડા છે સાત.

કરી કલ્પાંત ઘસ્યા પછી હાથ, બળવા માંડયું તેની સાથ;
જીવ કાઢવા તત્પર થઈ, શિક્ષા લોકે તેને કહી.

પ્રથમ મન સમજી નહિ માય, હવે હાથ ઘસવે શું થાય ?
તને વિમાસણ કરવી પડી, જો ચેતી નહિ પહેલી ઘડી.

સાહસ કર્મ કર્યાં થકી, હોય હર્ષનો નાશ,
દેખો એ દૃષ્ટાંતથી, કહે કવિ શામળદાસ.

મહામતિ—મહા બુદ્ધિમાન	અદકી—અધિકી, વધારે
તન—તનય, પુત્ર	આળ—અટકચાળું
નેટ—બહુ	સારૂં—બધું
મયા—દિલગીરી, ચિંતા	ઘરસૂત્ર—ઘરસંસાર
આપ—પોતાનું	વિમાસણ—પસ્તાવો

સાહસકર્મ—વગર વિચાર્યું કામ. જોખમ અને હિંમતભર્યાં કામો પણ સાહસિક કામો કહેવાય. પણ એવી જાતનું સાહસ તે સદ્‌ગુણ છે.

હરિલાલ ધ્રુવ]

(૧૫)

હલેસાં

હલેસાં ! હલેસાં ! હલેસાં ! હલેસાં !
ધસો હાં ! ખસો ના, ખલાસી ! હલેસાં !
હિંમત મરદા મદદે ખુદા, હો હલેસાં !
મથો સાથે, વછૂટા ન જૂદા, હલેસાં !
વ્હાણ ચડ્યું ખરાબે-ખરાબે, હલેસાં !
આવી અટક્યું ખડકે આ હાવે, હલેસાં !

સઢો સહુએ સંકેલો સપાટે, હલેસાં !
દોર ખેંચો ખુબ ધીંગા ઝપાટે, હલેસાં !
થાકયો જાલિમ સુકાની, ન થાકો ! હલેસાં !
નાખુદા મુંઝાયો, ન થાકો ! હલેસાં !
દરિયો ફુંકે આ સામો, ના બ્હીનો, હલેસાં !
નાંગર નાંખો, છિપાવો, ના બ્હીનો, હલેસાં !
મોજાં મારે ઉછાળા, આ ચાલ્યા ! હલેસાં !
કડડે કડડડ પાટીઆં, આ ચાલ્યા ! હલેસાં !
કામ ળળનું ના-ફળનું જુઆળે, હલેસાં !
છુટયું સરરર સટ વ્હાણું આ કાળે, હલેસાં !

જાલિમ—જુલમગારો
નાખુદા—કપ્તાન, નાખવો
છિપાવો—ચ્હોંટાડી દો, સ્થિર કરો
જુઆળ—ભરતી

લોકગીત]

(૧૬)

પાલી મગ

પાલી મગ મારા પાછા લાવજો.

હાલાર જાઓ તો મને કહેતા જાજો.
હાલાર શહેરથી હાથીડા લાવજો,

પાનસોપારી, પાનનાં બીડાં, એલચી દોડો,
ભગરી ભેંસ, ભુરીઓ પાડો;
પાલી મગ મારા પાછા લાવજો.

ચીતળ જાઓ તો મને કહેતા જાજો.
ચીતળ શહેરથી ચુંદડી લાવજો,
પાનસોપારી પાનનાં બીડાં, એલચી દોડો,
ભગરી ભેંસ, ભુરીઓ પાડો;
પાલી મગ મારા પાછા લાવજો.

ઘોઘે જાઓ તો મને કહેતા જાજો.
ઘોઘા શહેરથી ઘોડલાં લાવજો,
પાનસોપારી, પાનનાં બીડાં, એલચી દોડો,
ભગરી ભેંસ, ભુરીઓ પાડો;
પાલી મગ મારા પાછા લાવજો.

સુરત જાઓ તો મને કહેતા જાજો.
સુરત શહેરથી હીરા લાવજો,
પાનસોપારી, પાનનાં બીડાં, એલચી દોડો;
ભગરી ભેંસ, ભુરીઓ પાડો;
પાલી મગ મારા પાછા લાવજો.

દલપતરામ]

(૧૭)

કંજુસ શેઠ

એક શરણાઇવાળો સાત વર્ષ સુધી શીખી,
રાગરાગણી વગાડવામાં વખણાણો છે;
એકને જ જાચું એવી ટેક છેક રાખી, એક
શેઠને જ રીઝાવી મોજ લેવાને મંડાણો છે;
કહે દલપત્ત પછી બોલ્યો તે કંજુસ શેઠ,
ગાયક ન લાયક તું ફોગટ ફુલાણો છે;
પોલું છે તે બોલ્યું તેમાં કરી તેં શી કારીગરી,
સાંબેલું બજાવે તો હું જાણું કે તું શાણો છે.

મીરાંબાઈ]

(૧૮)

નહિ રે વિસારૂં હરિ

નહિ રે વિસારૂં હરિ,
 અંતરમાંથી, નહિ રે વિસારૂં હરિ— ટેક
જળ જમુનાનાં પાણી રે ગ્યાંતાં,
 શિર પર મટકી ધરી— અંતરમાંથી૦
આવતાં ને જાતાં મારગ વચ્ચે,
 અમુલખ વસ્તુ જડી— અંતરમાંથી૦

આવતાં ને જાતાં વૃન્દા રે વનમાં,
  ચરણુ તમારે પડી— અંતરમાંથી૦

પીળાં પીતાંબર જરકસી જામા,
  કેસર આડ કરી— અંતરમાંથી૦

મોર મુગટને કાને રે કુંડળ,
  મુખ પર મોરલી ધરી— અંતરમાંથી૦

બાઇ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
  વિઠ્ઠલ વરને વરી— અંતરમાંથી૦

અમુલખ—અમૂલ્ય જરકસી—જરીવાળા
બાઈ મીરાં કે—બાઇ મીરાંના

[' કે ' પ્રત્યય હિન્દુસ્તાની છે અને તેનો અર્થ નો, નું થાય છે. 'બાઈ મીરાં કહે' એ પ્રયોગ અશુદ્ધ છે.]

નવલરામ]

(૧૯)

પ્રાર્થના

માગું માગું, છો ઇશ્વર આપ રે,
પ્રાણી માત્રના માય ને બાપ રે,
જેની શક્તિનું નહિ માપ રે;
પાય લાગું માગું પ્રભુ એટલું.

માગું માગું પ્રથમ તમ પ્રેમ રે,
રાખો રાખો અમ પર રહેમ રે,
તમ રહેમે જ રહીએ ક્ષેમ રે;
પાય લાગું માગું પ્રભુ એટલું.

માગું માગું કુશળ મારી માતને,
માગું માગું કુશળ મારા તાતને,
માગું કુશળ ભાંડુઓના સાથને;
પાય લાગું માગું પ્રભુ એટલું.

માગું માગું અમને તમે પાળજો,
અન્ન વસ્ત્ર ને આબરૂ આપજો,
આપી સુખ સૌ સંકટ ટાળજો;
પાય લાગી માગું પ્રભુ આટલું.

માગું માગું હું આણી વ્હાલને,
આપો આપો સુબુદ્ધિ હું બાળને,
કાપો કાપો બધી જ કુચાલને;
પાય લાગું માગું પ્રભુ આટલું.

માગું માગું માબાપની સેવ રે,
સદા સાચું જ બોલ્યાની ટેવ રે,
મારા મનનો હરો અહમેવ રે;
પાય લાગું માગું પ્રભુ એટલું.

માગું માગું માયાળુ સ્વભાવ રે,
મીઠા બોલ ને સૌ પર ભાવ રે,
છે જેથી જ જગમાં નિભાવ રે;
પાય લાગું માગું પ્રભુ એટલું.

માગું માગું સુમાર્ગ બતાવ રે,
મારા દિલમાં દયા તું વસાવ રે,
પરમારથ પૂર્ણ કરાવ રે;
પાય લાગું માગું પ્રભુ એટલું.

માગું વિદ્યાનું વ્યસન લગાડજે,
મારી અંતર આંખ ઉઘાડજે,
શુદ્ધ સત્યનો સુરજ ઉગાડજે;
પાય લાગું માગું પ્રભુ એટલું.

મેં આ માગ્યું, હું માગવા જોગ રે,
આપ આપ છો આપવા યોગ્ય રે,
હવે આપો જે હોય આરોગ્ય રે;
પાય લાગું માગું પ્રભુ એટલું.

રહેમ—દયા અહમેવ—અહંકાર

શંકર]

(૨૦)

અદેખા વિષે

ભાવે ભૂપ ભોજરાજા દાન દેવા બેસે ત્યારે,
માગણો ને કવિઓનાં, ટોળે ટોળાં તુટે છે;
ભાળીને ભંડારી તણું, ચિત્ત બળે ચરરર,
“ ભીખારીનાં ટોળાં આવી ભંડારને લુંટે છે.”

સદાવ્રત આપે કોઇ, શેઠ કે શ્રીમંત ત્યારે,
કોઠારી કકળી કહે, "દાણો હવે ખુટે છે."
શંકર કહે છે, તેમ વરો કોઇ કરે ત્યારે,
નિહાળી નિહાળી 'નાનો' નાવી પેટ કુટે છે !

વર્ષાની ઋતુમાં જ્યારે, વનસ્પતિ ખુબ ખીલે,
જંગલી જવાસો શોક કરીને સુકાય છે;
ચોમાસામાં ચારો ચરી, બહુ પ્રાણી પુષ્ટ બને,
ગમાર ગધેડો ઘણો શરીરે શોષાય છે;

શ્વાનને ખાવાનું આપ્યું હોય, પણ ખાતાં ખાતાં,
અન્યને અપાતું દેખી, ઘણો ઘુરકાય છે;
શંકર કહે છે, તેમ ભલું કોનું થતું ભાળી,
આદમી અદેખો કોઈ ઉરે અકળાય છે !

નાવી—હજામ ઉરે—અંતરમાં

નરસિંહ મહેતા]

(૨૧)

ઢેઢને ઘેર કીર્તન

ગિરિ તળેટીને કુંડ દામોદર, ત્યાં મહેતાજી નહાવા જાય;
ઢેઢ વરણમાં દૃઢ હરિભક્તિ, તે પ્રેમ ધરીને લાગ્યા પાય.
ગિરિ૦

કર જોડીને પ્રાર્થના કીધી, વિનતિ તણાં બહુ વધારે વચન;
મહાંત પુરુષ અમારી અરજ એટલી, અમારે આંગણે કરો રે
કીર્તન. ગિરિ૦

પ્રેમ પદારથ અમો પામીએ, વામીએ જન્મ મરણ જંજાળ;
કર જોડતાંમાં કરૂણા ઉપજી, મહેતાજી વૈષ્ણુવ પરમ દયાળ.
ગિરિ૦

પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર, સમદૃષ્ટિને સર્વ સમાન;
ગોમુત્ર તુલસી વૃક્ષ કરી લીંપજો, એવું વૈષ્ણુવે આપ્યું વાક્યદાન.
ગિરિ૦

મહેતાજી નિશાએ આવ્યા, લાવ્યા પ્રસાદને કર્યો ઓચ્છવ;
ભોર થયા લગી ભજન કીધું, સંતોષ પામ્યા સૌ વૈષ્ણુવ.
ગિરિ૦

ઘેર પધાર્યા હરિજશ ગાતા, વા'તા તાળને શંખ મૃદંગ;
હસી હસી નાગર તાળીઓ લે છે, આ શારે બ્રાહ્મણના ઢંગ.
ગિરિ૦

મૌન ગ્રહીને મહેતાજી ચાલ્યા, અધવધરાને શો ઉત્તર દઉં;
જાગ્યા લોક નરનારી પૂછે, મહેતાજી તમે એવા શું.
ગિરિ૦

નાત ન જાણો જાત ન જાણો, ન જાણો કાંઇ વિવેક વિચાર;
કર જોડીને કહે નરસૈંયો, વૈષ્ણુવ તણો મને છે આધાર.
ગિરિ૦

વામીએ—છોડીએ ભોર—પરોઢીઉં
અધવધરા—અધૂરીઆ, અર્ધદગ્ધ

ખબરદાર]

(૨૨)

કોયલ બ્હેનાં !

મીઠી કોયલડી મધુ બોલ રે ! મારી કોયલ બ્હેનાં !
તારા કિલકિલિયા કલ્લોલ રે ! મારી કોયલ બ્હેનાં ।
તારા અન્તરમાં આનન્દ રે ! મારી કોયલ બ્હેનાં !
તારા ઉર છલકાતા છંદ રે ! મારી કોયલ બ્હેનાં !
ઝીણા ઝીણા ઉડે નભ મેઘ રે ! મારી કોયલ બ્હેનાં !
તેવા તારી પાંખોના વેગ રે ! મારી કોયલ બ્હેનાં !
મીઠી ઘંટડી વાગે દૂર રે ! મારી કોયલ બ્હેનાં !
તેવા લાગે સરતા તુજ સૂર રે ! મારી કોયલ બ્હેનાં !

છંદ—ગાયન, ટહુકા

ખબરદાર]

(૨૩)

એક પ્રવાસ

પાણીનાં ટીપાં કંઈ નાનાં રહેતાં સાગર ઘેર,
એક વખત ફરવા હરવાને ધાર્યું મન શુભ પેર.
વાદળની ગાડી ત્યાં કીધી, પવને હાંકી પૂર,
જંગલ ગામ ઉપર થઇ ચાલ્યાં, ફરતાં હરતાં દૂર.

પણ તેઓ તો હતાં ઘણાં, ઓ ! ગાડી ભાગી એમ,
ને ગભરાઈ બીચારાં નીચે તુટી પડયાં ત્યાં તેમ !
પછી લીલ ને ઘાસ વિષે તો, ભટકયાં તે બહુ પેર,
ને છેવટ નદી એક લઇ ગઈ તે સહુને ફરી ઘેર !

મલબારી]

(૨૪)

ટેકચંદ શાહ

દોઢચતુર કો વિરલો હતો, ટેકચંદ ઉપમા ગણાતો.
કામકાજશું આદિ વેર, નવરો બેસી કરતો કેર.
માતપિતા સમજાવે ઘણાં, હાડ કહ્યું ન કરે તે તણાં;
માતપિતા તે સ્વર્ગે ગયાં, નહિ વ્હાલાં કો પાસે રહ્યાં.
પૂંજી આઠ રૂપિયા નીકળી, ટેકચંદ શાહને તે મળી;
ગયો બજારે તે તત્કાળ, વ્હોર્યો સર્વ બિલોરી માલ.
ભાડે રાખી એક દુકાન, તે મધ્યે મૂકયો સામાન;
બેઠા થઈ વેપારી નવા, સુણજો શું બેહું છે થવા.
પીઠ ભીંત સાથે અથડાય, નવા માલ પર ધરિયા પાય;
ઘરાકની જોતાં તે વાટ, ભળતા મનમાં ઘડતો ઘાટ.
આઠ તણા સ્હેજે સો કરૂં, સોના બસો થવા આદરૂં;
બસો તણા તો બે જ હજાર વેપારે શી કરતાં વાર !

આંખ મીંચતાં જેટલી વાર, હજાર એના કરતાં ચાર;
ચાર આઠ ને સ્હેજે સોળ, બત્રીશ તો બોલતાં બોલ !

હજાર ચોસઠ પાછળ લાખ, એમાં, જીવ ! નવ સંશય રાખ;
લાખે લેખાં હવે લખાય, આ ધંધો મુજથી નહિ થાય !

લઇ હીરા માણેક ઝવેર, બનું ઝવેરી રૂડી પેર,
પુર મધ્યે પ્રખ્યાતિ થાય, જ્યાં ત્યાં મુજ ગુણયશ બોલાય.

મિત્ર થતા આવે જન મહાન, દેખે જ્યાં મુજને ધનવાન;
રાજારાણા સાથે ફરૂં ! દિવાનની દીકરીને વરૂં !

બાંધું એક બિલોરી મ્હેલ, મુજ અનુભવને તે તો સ્હેલ !
શણગારૂં શણગારે સાર, જોતાં મોહે સૌ નરનાર !

વળતી વહુ આવે સાસરે, સ્તબ્ધ ઠાઠ દેખીને ફરે;
કરડે વેણે કરતાં વાત, મારૂં એક કુદીને લાત !

સુણો સર્વ આ ઉન્મત્તમતિ ટેકચંદ શાહની કહું ગતિ;
લીન હતા આ ચિંતન માંય, મન બદલે વાપરિયો પાય.

લાત સાથ તૂટી સહુ આશ, કાચપાત્રનું સત્યાનાશ;
આઠ રૂપૈયા થાપણ ઉડી, રહ્યા શેઠ ખજવાળી મુંડી !

કામકાજશું—કામકાજ સાથે
સ્તબ્ધ—મૂઢ જેવી
આદિ વેર—મૂળથી જ વેર
વ્હોર્યો—ખરીદ કર્યો
ઉન્મત્તમતિ—ગાંડી બુદ્ધિવાળા
મુંડી—માથું

હાડ કર્યું ન કરે—કર્યું ન કરવાની છેલ્લી હદ સુધી જાય; જરા પણ કર્યું ન કરે.

(૨૫)

આજની ઘડી રળીઆમણી

આજની ઘડી રળિયામણી;
મારો વહાલો આવ્યાની વધામણી હોજી રે,
વધામણી હોજી રે,

આજની ઘડી રળિયામણી !
હું તો મોતીડાના ચોક પુરાવતી,
મારા વાલીડાની આરતી ઉતારતી હોજી રે;
ઉતારતી હોજી રે;

આજની ઘડી રળિયામણી !
અમે ગ્યાંતાં વાલમજીને બારણે,
મહેતા નરસૈંના સ્વામી ઉભા બારણે હોજી રે;
ઉભા બારણે હોજી રે !

આજની ઘડી રળિયામણી !

---

(૨૬)

કાચબા કાચબીનું ભજન

કળકળમાં કાચબી કૂડી રે, રામૈયાની રીત છે રૂડી,
ધણીનો આશરો ધારે રે તેને મારો સાયબો તારે રે, ટેક૦

ભોળો ભગત.

(૨૬)

કાચબો કાચબી સાયરે રહેતાં, હતાં હરિનાં દાસ;
દર્શન કારણ બારણે નીસર્યાં, રાખીને વિશ્વાસ;

નીકળતાં નજરે ભાળ્યાં,
પારધિએ બાંધી વાળ્યાં.

કાચબી કહે છે કાચબાને, તેં કહેણ ન માન્યું કંથ;
આપણ બેઉને ઝાલીને ચાલ્યો, એ તો લાંબે પંથ;

હતા બેઉ જીવ સંગાથે,
પડયા પાપીને હાથે.

પાપીએ પાપ પરગટ કીધાં, ઓર્યાં આંધણ માંય;
ચોદશથી સળગાવીઆં, દુઃખી થયાં બહુ ત્યાંય;

કયાં છે તારો સારંગપાણિ?
માથે આવી મોત નિશાની.

કાચબો કહે છે કાચબીને, તું રાખની ધારણ ધીર;
આપણને ઉગારશે વ્હાલો જુગતેશું જદુવીર;

ચિન્તા મેલી શરણે આવો,
મરવા તુંને નહિ દે વાલો.

વારતી'તી ત્યારે શીદને મારૂં કંથ ન માન્યું કહેણ?
કાળ આવ્યો કોણ રાખશે? તમે નીચાં ઢાળો નેણ,

પ્રભુ તારો નાવ્યો પ્રાણી,
માથે આવી મોત નિશાની.

કાચબી કહે છે, ક્યાં છે તારો રાખણહારો રામ ?
હરિ નથી કોઇના હાથમાં, તમે શું બોલો છો શ્યામ ?

મરવા ટાણે મતિ મુંઝાણી,
તૂટયા પછી ઝાલવું તાણી.

ત્રિકમજી, ત્રણ લોકમાં મારે તમારો છે ઇતબાર;
અટક પડયે હરિ આવજો, મારા આત્માના આધાર;

છોગાળા વાત છે સહેલી,
થાજો બળતાંના બેલી.

કાચબી કહે છે, કોણ ઉગારે ? જાતો રહ્યો જગદીશ;
ચારે દિશાએ સળગી રહ્યું, તેમાં રહ્યાં વીચોવીચ;

જેનો વિશ્વાસ છે તારે,
તેનો ઇતબાર ન મારે.

બળતી હોય તો બેસને મારી પીઠે જ રાખું પ્રાણ;
નિન્દા કરે મારા નાથની, તે તો વાગે છે મુજને બાણ;

વહાલો મારો આવશે વારૂ,
આપણને ઉગારવા સારૂ.

કાચબી કહે કિરતાર ન આવ્યો, આવ્યો આપણો અન્ત;
પ્રાણ ગયા પછી પહોંચશે, તમે તે શું બાંધ્યો તંત;

આમાંથી જો આજ ઉગરીએ
તો તો બહાર પગ ન ભરીએ.

વિઠ્ઠલજી મારી વિનતિ સુણી, શામળા કરજો સાર;
લાજ લોપાશે લોકમાં, બીજી વાંસે કોની વહાર ?

હરિ મારી હાંસી થાશે,
પ્રભુ તારી પતીજ જાશે.

કેશવજીએ કરુણા કીધી મોકલ્યા મેઘ મલ્હાર;
અધવચથી ઉગારિયાં વ્હાલે લેશ ન લાગી વાર,

ભોજલ ભરૂંસો જેને
ત્રિકમજી તારશે તેને.

સારંગપાણી—[શુદ્ધ શાર્ઙ્ગપાણિ શાર્ઙ્ગ=ધનુષ્ય પાણિ=હાથ] ધનુષ્ય જેના હાથમાં છે એવા એટલે વિષ્ણુ ભગવાન.

જુગતેશું—યુક્તિથી
પોણી—અધૂરી
માવો—માધવ
બેલી—મદદગાર
ઈતબાર—વિશ્વાસ, શ્રદ્ધા
તંત—સંબંધ
વહોણી—વિહોણી, વિનાની
પતીજ—(પ્રતીતિ) વિશ્વાસ

ધનો ભગત]

(૨૭)
રામબાણ

રામબાણ વાગ્યાં રે હોય તે જાણે.
ઓલ્યા મૂરખ મનમાં શું માણે ? - ટેક.

ધ્રુવને વાગ્યાં, પ્રહ્‌લાદને વાગ્યાં, ઠરી બેઠા ઠેકાણે;
ગર્ભવાસમાં શુકદેવજીને લાગ્યાં, વેદ વચન પરમાણે,
રામબાણ૦

મોરધ્વજ રાજાનાં મન હરિ લેવા, વ્હાલો પધાર્યો તે ઠામે,
કાશીએ જઈ ને કરવત મેલાવ્યાં, પુત્ર પત્ની બેઉ તાણે.
રામબાણ૦

બાઇ મીરાં ઉપર ક્રોધ કરીને, રાણો ખડગ લઈ તાણે,
ઝેરના પ્યાલા ગિરિધરલાલે, અમૃત કર્યા એવે ટાણે.
રામબાણ૦

નરસિંહ મહેતાની હુંડી સ્વીકારી, ખેપ કરી ખરે ટાણે;
અનેક ભક્તો એણે ઉગાર્યા, ધનો ભગત ઉર આણે.
રામબાણ૦

શુકદેવજી—વ્યાસના પુત્ર; કહે છે કે એમને માના ઉદરમાંજ ઇશ્વરને માટે જ જીવન ગાળવાની ઇચ્છા થઇ; એટલે જન્મથી જ એમને સંસાર તરફ વૈરાગ્ય અને ઇશ્વિર ઉપર પ્રેમ હતો.

પરમાણે—ખાતરી આપે.

મોરધ્વજ—ધર્મરાજાએ યજ્ઞનો ઘોડો છુટો મૂકયો હતો. મયૂરધ્વજ રાજાએ તેને બાંધ્યો. ઘોડાના રક્ષકો અર્જુન અને કૃષ્ણ હતા. યુદ્ધમાં અર્જુનની હાર થઇ. આથી કૃષ્ણે વૃદ્ધ બ્રાહ્મણનો વેશ લીધો, અર્જુન તેમનો શિષ્ય બન્યો. બન્ને એવે વેષે મયૂરધ્વજ પાસે ગયા. રાજાએ કહ્યું, જે જોઇએ તે માગો. બ્રાહ્મણે માગ્યું કે તારૂં શરીર વેઢાવીને જમણો ભાગ આપ. શરત એ કે તારી રાણી અને તારો પુત્ર સામ સામા કરવત તાણે, પણ કોઈની આંખમાંથી આંસુ પડે નહિ. એકવચની મયૂરધ્વજ રાજા કાશીએ જઇને કરવત મેલાવે છે.

ખડ્ગ—તરવાર

ખેપ કરી—જઇ પહોંચ્યાં

(૨૮)

અમારો દેશ

અમે ભરત ભૂમિના પુત્રો !
અમ માત પુરાણુ પવિત્ર!
રે જેના સુંદર સૂત્રો
ઝળકાવે ઉચ્ચ ચરિત્ર !
અમ અંતરને ઉદ્દેશી
કરશું હોકાર હમેશ:
અમે દેશી, દેશી, દેશી
ઓ દિવ્ય અમારો દેશ ! ૧

અંધાર વિષે અથડાતાં,
કે ફરતાં ભવ્ય પ્રકાશ,
પડતાં રડતાં રગડાતાં,
કે કરતાં હાસ્ય વિલાસ
પળ પળ અમ ઉરનિધિએ શી
હા ઉછળે ઊર્મિ અશેષ !
અમે દેશી, દેશી, દેશી !
ઓ દિવ્ય અમારો દેશ ! ૨

ક્યાં હશે હિમાલય જેવા ?
ક્યાં પુણ્ય પવિત્ર જ ગંગ ?
ક્યાં મળે અલૌકિક એવા
સહુ દેશ તણા બહુ રંગ ?

ક્યાં મુનિ ઇશ્વરજન બેસી
    કરતા પ્રભુપંથ ઉજેશ ?–
અમે દેશી, દેશી, દેશી!
    ઓ દિવ્ય અમારો દેશ ! ૩

ક્યાં રામ યુધિષ્ઠિર ઘૂમ્યા ?
    ક્યાં ગરજ્યા અર્જુન ભીમ ?
ક્યાં રજપૂત વીર ઝઝૂમ્યા
    બળ દાખવવા જ અસીમ ?
રે ભૂલીએ તે રીતે શી
    અમ અંતરથી લવલેશ ?
અમે દેશી, દેશી, દેશી !
    ઓ દિવ્ય અમારો દેશ ! ૪

નથી રે જીવવું પર આશે:
    છે પારકી આશ નિરાશ;
નથી કર ધરવો કો પાસેઃ
    સ્વાશ્રયનો છે ઉલ્લાસ;
કંઈ પુણ્યપ્રભા જ પ્રવેશી
    અહીં દે અમને ઉપદેશ:
અમે દેશી, દેશી, દેશી !
    ઓ દિવ્ય અમારો દેશ ! ૫

ધમ ધમ ધરણી ધ્રુજવીશું,
    અમ દેશ તણાં કરી ગાન;
જય જય જય નાદ કરીશું,
    દઈશું મોંઘા અમ પ્રાણ !

એ ભક્તિ વસી ઉર, તેશી
દેજો શક્તિ પરમેશ !
અમે દેશી, દેશી, દેશી !
ઓ દિવ્ય અમારો દેશ ! ૬

સૂત્રો—શાસ્ત્રવચનો, સિદ્ધાન્તો
અશેષ—અપાર
ઉરનિધિ—હૃદયરૂપી સાગર
પુણ્યપ્રભા—પવિત્ર તેજ
ઊર્મિ—મોજાં

ત્રિભુવન વ્યાસ]

(૨૯)

ભારત નિશાન

નહિ નમશે નહિ નમશે નિશાન ભૂમિ ભારતનું ।। ધ્રુવ ।।
ભારતની એ ધર્મધ્વજાનું (૨)
સાચવશું સન્માન; ભૂમિ ભારતનું- નહિ૦
ઐક્ય તણો એ અમરપટો છે (૨)
મુક્તિનું વરદાન; ભૂમિ ભારતનું— નહિ૦
ભારત માના મંદિર પર એ (૨)
શાન્તિનું એંધાણ; ભૂમિ ભારતનું- નહિ૦
ચક્ર સુદર્શન અંકિત એ તો (૨)
હિન્દીજનના પ્રાણ; ભૂમિ ભારતનું— નહિ૦
સફેદ, લીલું, લાલ-ત્રિરંગી (૨)
વિરોધનું સંધાણ; ભૂમિ ભારતનું- નહિ૦

સફેદમાં સહુ ધર્મે ધાર્યું (૨)
ઈશ્વરનું ફરમાન; ભૂમિ ભારતનું— નહિ૦

લીલામાં ઇસ્લામી ધર્મે (૨)
રાખ્યું પાક કુરાન; ભૂમિ ભારતનું- યહિ૦

લાલ સનાતન આર્ય પ્રજાનું (૨)
મંગળ મૂર્તિમાન; ભૂમિ ભારતનું— નહિ૦

અચળ અમારે આંગણે; એ તો (૨)
સ્વરાજ્યનું મંડાણ, ભૂમિ ભારતનું— નહિ૦

સાચા હિન્દી શૂરાઓનું (૨)
એ છે વિજય સુકાન, ભૂમિ ભારતનું- નહિ૦

નિર્ભયતાની નોબત છે એ (૨)
પ્રેમ તણું શુભ ગાન; ભૂમિ ભારતનું- નહિ૦

જગ ઉદ્ધારક ઝળકે એમાં (૨)
ગાંધીજીનું જ્ઞાન; ભૂમિ ભારતનું— નહિ૦

એની ટેક નિભાવા કાજે (૨)
તન મન ધન કુરબાન; ભૂમિ ભારતનું- નહિ૦

કવિ સૂચિ.

(કૌંસમાં ગદ્યાંક)

ખબરદાર, અરદેશર ફરામજી—હાલ મદ્રાસમાં રહે છે. પારસી છે. બહુ થોડા પારસીઓ શુદ્ધ ભાષામાં આવી સરસ કવિતાઓ રચે છે. (૬, ૨૨, ૨૩, ૨૮.)

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ—અમદાવાદમાં રહે છે. પહેલા શિક્ષક હતા. અસહકાર કર્યો ત્યારથી 'નવજીવન'માં કામ કરે છે. એમનાં 'નવાં ગીતો,' 'રતનબાનો ગરબો' વગેરે સૌએ સાંભળ્યાં હશેજ. કદાચ બાળકોના માનીતા કવિ થઈ જાય. (૨૯)

દલપતરામ ડાહ્યાભાઇ—લગભગ ૨૫ વર્ષ ઉપર ઘરડી વયે ગુજરી ગયા. છેલ્લા જમાનાના બે મુખ્ય કવિ આ અને નર્મદાશંકર. સરકારે પહેલી વાચનમાળા બહાર પાડી, તેમાંની ઘણી કવિતાઓ એમણે લખેલી. એમની કવિતા નીચે ક. દ. ડા. એમ અક્ષરો આવતા. એટલે જે છોકરાને કવિનું નામ નહોતું આવડતું, તે 'કદડા'ની કવિતા છે, એમજ માનતા તે વખતના છોકરાઓના આજ માનીતા કવિ હતા. એમની કવિતા અભણ કે થોડું ભણેલાને પણ સમજાય અને આનંદ પમાડે એવી છે. (૭, ૧૦, ૧૭)

દાદી એદલજી (૧૧)
ધનોભગત (૨૭)
} આમાંથી પહેલા પારસી અને બીજા હિંદુ હતા. આથી વધારે માહિતી નથી.

નરસિંહ મહેતો—આપણી ભાષાના પહેલા જાણીતા કવિ. એમને થવાને સાડા ત્રણસે વરસ થઇ ગયાં. મોટા ભક્ત હતા, અને બધી કવિતા ભક્તિ કરવાને જ બનાવતા. એ નિર્ધન હતા, અને ભજન કરવા ઢેડને ઘેર પણ જતા. તેથી એમનાં સગાં વહાલા એમને બહુ પજવતા. પણ એમની ઇશ્વર ઉપર એવી શ્રદ્ધા હતી કે કોઇ પણ જાતની પજવણીને ગણકારતા નહિ. (૧, ૨૧, ૨૫)

નર્મદાશંકર—એ દલપતરામ અને નવલરામના વખતના જ હતા; પણ બન્ને કરતાં જરા વહેલા મરણ પામ્યા. એમની કવિતા ચઢે કે દલપતરામની–એ બાબત ઘણાં વરસ સુધી આપણા ભણેલાઓમાં તકરાર ચાલતી. એમની કવિતા જોશ વાળી છે. પણ કવિ કરતાં યે વધારે આપણી ભાષાની સેવા એમણે બીજા ગ્રંથો લખીને કરી છે. ગૂજરાતી ભાષામાં એમણે જ પહેલીવાર નવી વિદ્યાઓ, નવા સુધારા વગેરે વિષે વિચારો દાખલ કર્યા. (૫)

નવલરામ—એમને ગુજરવાને ૩૫ વર્ષથી વધારે થયાં. એમની કવિતા કરતાં બીજું લખાણ ઘણું વધારે અને વાંચવા જેવું છે. એ શિક્ષકોને તૈયાર કરવાની શાળાના ઘણા વર્ષ સુધી આચાર્ય હતા. શિક્ષકોને પરીક્ષા લઇ શકતા તેમ લેખકોની પણ પરીક્ષા લેતા એમના જેવા લેખકોના કોઈ બીજા પરીક્ષક હજુ જણાતા નથી. (૧૯)

ન્હાનાલાલ—એ દલપતરામના દીકરા થાય. એમની કવિતાનો પૂરો રસ લેવા માટે વિદ્યાર્થીએ વધારે અભ્યાસ કરવો જોઇએ. છેક થોડું ભણેલાને એમની કોઇક કોઇક કવિતા જ સમજાય. હાલના કુશળમાં. કુશળ કવિઓમાંના એ એક છે. (૨)

પ્રીતમ—એ બસ્સેં વર્ષ ઉપર થઇ ગયા. મોટા ભક્ત હતા. (૯)

ભોજો ભગત—એમને થવાને લગભગ સવાસેં વર્ષ થયા. એ પણ મોટા ભક્ત હતા. એમની ઘણી ખરી કવિતાના ઢાળ 'ચાબખા'ને નામે ઓળખાય છે. (૨૬)

મલબારી, બેરામજી—એ પણ થોડા પારસી કવિઓમાંના હતા. એમનો કાળ વીસેક વર્ષ પર થયો. એમની કવિતા સમજવાને સહેલી છે. (૨૪)

મીરાંબાઈ—એ નરસિંહ મહેતા પછી કેટલેક વર્ષે થઇ ગયાં એમ લાગે છે; એ એમના જેવા જ મોટા પ્રભુ ભક્ત અને કવિ હતાં. એ મૂળ રજપુતાનાના હતાં અને રાજાને ઘેર પરણ્યાં હતાં, પણ એ પ્રભુને ભજતાં અને એમના ધણીને એ ગમતું ન હતું તેથી એમને કાઢી મૂકયાં હતાં. એમની ભાષા મારવાડી હતી, ગૂજરાતીમાંયે કેટલીક કવિતા એમણે કરી છે. એમનાં ઘણાં ખરાં પદોને છેડે 'મીરાં કે પ્રભુ ગિરિધર નાગર' એવી લીટી આવે છે. (૧૩, ૧૮)

મુક્તાનંદ—એમને જવાને હજુ સો વર્ષ નથી થયાં. એ સ્વામિનારાયણ સંપ્રદાયના મોટા સાધુ હતા. એમના જેવા વિનયી થોડા હોય છે. નાનાં બાળકને પણ એ તુંકારો ન કરતા. (૪)

લોકગીત—જે ગીતો કોણે રચ્યાં છે તેની ખબર નથી, જે કોઈ ચોપડીમાં લખાયેલાં અત્યાર સુધી મળતાં ન હતાં, પણ ગામડાંનાં તથા ઘરડાં સ્ત્રી-પુરુષોને મોંઢે જ રહ્યાં હતાં, તેવાં ગીતો 'લોકગીત'ને નામે બહાર પડવાં લાગ્યાં છે. (૩, ૮, ૧૬).

શંકરલાલ—હાલના એક કવિ છે. (૨૦)

સરકારી વાચનમાળા—(૧૨) પહેલી ચોપડીમાં આ કવિતા છે.

સામળભટ્ટ—એમને થવાને અઢીસેં વર્ષ થયા. એમની કવિતા અને ખાસ કરીને છપ્પા મનોરંજક છે. એમણે કવિતામાં વાર્તાઓ લખી છે. ગુજરાતમાં એવું એજ કવિએ કર્યું જણાય છે. પણ એ વાર્તાઓમાંની ઘણી થોડી સળંગ વાંચવા જેવી છે. (૧૪)

હરિલાલ ધ્રુવ—નાની ઉમરમાં ત્રીસેંક વર્ષ પર ગુજરી ગયા. ભારે વિદ્વાન હતા. વિવિધ પ્રકારનાં કાવ્યો નાટકો વગેરે લખ્યાં છે. નર્મદાશંકરની માફક એમણે પણ શૂરાતનનાં કાવ્યો લખ્યાં છે; કેટલીક મરાઠી ચાલો પણ એમણે ગુજરાતીમાં ઉતારી છે. (૧૫)

ગાયન ભાગ ૧ લાનું

કક્કાવારી સાંકળીઉં

ક્રમાંક	૧લી પંક્તિ કે મથાળું	પાનું
૨૦	અદેખા વિષે ...	૨૬
૨૮	અમારો દેશ (અમે ભરત ભૂમિના પુત્રો) ...	૩૭
૨૫	આજની ઘડી રળીઆમણી	૩૨
૭	ઊંટ કહે આ સમામાં.	૯
૨	એક આંબો મ્હોરે મારે	૪
૨૩	એક પ્રવાસ;... ...	૨૯
૧૭	એક શરણાઇ વાળો ...	૨૩
૪	ઓધવ, ક્યારે આવશે	૫
૮	કણુજર કાકા ...	૧૦
૨૬	કળકળમાં કાચબી કૂડી રે	૩૨
૧૭	કંજુસ શેઠ	૨૩
૨૬	કાચબા કાચબીનું ભજન	૩૨
૨૨	કોયલ બ્હેનાં! ...	૨૯
૪	ક્યારે આવશે? ...	૫
૨૧	ગિરિ તળેટી ને ...	૨૭
૫	જય ગાન (જય જય જય)	૭
૧	જળ કમળ છાંડી જાને	૧
૨૪	ટેકચંદ શાહ. ...	૩૦
૨૧	ઢેઢને ઘેર કીર્તન ...	૨૭
૩	તમે ક્યાંથી આવ્યા ને	૪
૨૪	દોઢ ચતુર કો વિરલો હતો	૩૦
૨૯	નહિ નમશે, નહિ નમશે	૩૯
૧૮	નહિરે વિસારૂં હરિ ...	૨૩
૧	નાગદમન	૧
૧૧	પશુઓનું પંચ (પશુમાં પડી એક તકરાર) ...	૧૩
૧૪	પસ્તાવો	૧૮
૨૩	પાણીનાં ટીપાં કંઇ નાનાં	૨૯
૧૬	પાલી મગ મારા ...	૨૧
૧૦	પીવા ખાવા પહેરવા ...	૧૩
૧૯	પ્રાર્થના	૨૪
૯	ફરીઆદ	૧૨
૬	બળદ	૮
૨	બ્હેનાં! આવો ...	
૨૦	ભાવે ભૂપ ભોજ રાજા	
૨૯	ભારત નિશાન	
૧૦	મહેનત વિષે	

ક્રમાંક	૧લી પંક્તિ કે મથાળું	પાનું
૩	મહેમાની	૪
૧૯	માગું માગું છો ઇશ્વર	૨૪
૨૨	મીઠી કોયલડી મધુ બોલરે	૨૯
૧૩	મોરલી	૧૭
૨૭	રામબાણ વાગ્યાં રે ...	૩૫
૧૩	વાગે છે રે વાગે છે ...	૧૭
૬	વાત કહું તે સુણજો વ્હાલે	૮

ક્રમાંક	૧લી પંક્તિ કે મથાળું	પાનું
૧૪	સિદ્ધપુર નામે સુંદર ગામ	૧૮
૮	સૌ જાન જુઓ ...	૧૦
૧૫	હલેસાં!	૨૦
૧૨	હાલરડું વહાલું રે, હો ભાઇને	૧૬
૯	હે યશોદાજી! ...	૧૨
	કવિ સૂચિ... ...	૪૧

કુમાર મંદિરો માટે ઉપયોગી

ચણીબોર—પડિયો ૧ લો	૦–૧–૩
,, ૨ જો	૦–૨–૦
,, ૩ જો	૦–૩–૦
ત્રણે ભેગા	૦–૫–૦
ચાલણ ગાડી નાની સચિત્ર	૦–૪–૦
ચાલણ ગાડી મોટી	૦–૩–૦
વાચન માળા પહેલી ચોપડી	૦–૩–૦
બીજી ચોપડી	૦–૪–૦
ત્રીજી ચોપડી	૦–૬–૬
ઐતિહાસિક વાર્તા માળા–મોગલવંશ	૦-૧૨-૦
ચાલણ ગાડીના શિક્ષકોને	૦–૧–૦
રાયણ ભાગ ૧ લો	૦–૩–૦

મુખ્ય આડતિયા,

બાલગોવિંદ કુબેરદાસની

ત્રણ દરવાજા,—અ